૪ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૫/૨૧-૨૨/ 1973
તારીખ : 2 JUL 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૫/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા,**
**મું.મૂળી, ઠે.પંચાયત ઓફીસ પાછળ,**
**તા.મૂળી,**
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં. ૭૪૩૩૮ ૮૬૯૫૫.**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન આપી રદ કરવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૯/૦૫/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૪/૦૫/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૧-૨૨/૧૫૯૦ તા.૨૫/૦૫/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૧-૨૨/૧૭૩૯ તા.૧૪/૦૬/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૬/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૫/૨૧–૨૨ ☜

વાદી :– શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૬/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી દિપકસિંહ આર.ચૌહાણ (વાદી ના પ્રતિનિધિ)

પ્રતિવાદી :– શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા, મું.મૂળી, તા.મૂળી, જી.સુરેન્દ્રનગર ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન આપી રદ કરવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫/૨૧–૨૨/૧૫૯૦ તા.૨૫/૦૫/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૫/૦૬/૨૦૨૧</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા વતી તેમના પ્રતિનિધિ શ્રી દિપકસિંહ આર.ચૌહાણ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ <u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા, સુરેન્દ્રનગર જીલ્લાના મૂળી ગામના રહેવાસી છે. જેઓ દ્વારા નવું ખેતીવાડી વિજ જોડાણ માટે મૂળી પેટા વિભાગીય કચેરી ખાતે તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી.

૧.૨ વાદીની રજૂઆત છે કે, તેઓની રેવન્યુ સર્વે નં–૭૬૨/૨ પૈકી ૨ માં સીમ જમીન આવેલ છે. સદર જમીન પર ખેતીવાડી વિજ કનેકશન માટે તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ પેટા વિભાગીય કચેરી મૂળી ખાતે અરજી કરેલ હતી. જેના અનુસંધાનમાં મૂળી વિજ કચેરી દ્વારા સદર ખેતીવાડી વિજ કનેકશન મંજૂર થતા, અંદાજપત્ર ભરવા માટે તા.૦૩/૦૫/૨૦૧૯ ના રોજ જાણ કરવામાં આવેલ હતી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર મુજબ ની કુલ રકમ રૂા.૭૪૩૫/– તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ હતી.

૧.૪ વાદી દ્વારા વિજ કનેકશન ના નાણાં નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવા છતાં, કોઈ વિજ કનેકશન આપવામાં આવેલ નથી કે વિજ કનેકશન આપવા માટે નું કોઈ લાઈન કામ કે, ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવેલ નથી. તેમ તેઓ જણાવે છે. વાદીએ વિજ કચેરી માં વિજ મીટર લગાવવા માટે પણ કહેવામાં આવેલ છતાં, મીટર લગાવવામાં આવેલ નથી.

૧.૫ સદર બાબતે વિજ કચેરીમાં નાયબ ઈજનેર બહેન ને રજૂઆત કરેલ ત્યારે તેઓ દ્વારા કહેવામાં આવેલ કે, અત્યારે તમારો ક્રમ નથી, પણ અમોએ ઓફીસમાં તપાસ કરતા જાણેલ કે, અમારો ક્રમ છે. પરંતુ, બહેનને રજૂઆત કરવામાં આવેલ હોવા છતાં, વિજ કનેકશન આપવા માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અમોએ કયારેય પણ વિજ લાઈન નાંખવા માટેની ના પાડેલ નથી. તેમ છતાં, અમારી જાણ બહાર ખોટા રોજકામ કરીને '' વિજ લાઈન લેવાની ના પાડે છે.'' તેમ પૂછતાં બહેન ઉશ્કેરાઈ ને ઉધ્ધતાઈ ભર્યા જવાબ આપવામાં આવેલ અને કહેવામાં આવેલ કે, સદર વિજ કનેકશન તમોને આપવાનું નથી અને વિજ કનેકશન રદ કરવાનું છે.

૧.૬ વાદી જણાવે છે કે, અમોએ કોઈ વિજ કનેકશન લેવાની ના પાડેલ નથી, કે વિજ કનેકશન નહી લેવાની સંમતિ આપેલ નથી. તો પછી શા માટે વિજ કનેકશન રદ કરો છો, તેમ પૂછતાં જણાવેલ કે, ઉપરની ઓફીસમાં જાવ અને અમે કનેકશન આપવાના નથી તેમ જણાવે છે.

૧.૭ વાદીને તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ એકતરફી નાણાં પરત કરવા માટેનો દરખાસ્ત કચેરી ના પત્ર નં– ડીઈએમએસડી /આરઈ/૩૯૨૩ થી જણાવેલ કે, રસીદ ખોવાઈ ગયેલ હોવાથી રૂા.૩૦૦/– ના બોન્ડ પર લખાણ કરી આપવામાં આવે તો, ભરેલ નાણાં પરત કરવામાં આવશે. પણ ખરેખર અમારે સદર વિજ કનેકશન લેવાનું હોવાથી, કોઈ રકમ પરત લેવાની થતી નથી. અમારી જાણ બહાર એકતરફી રીતે નિર્ણય લઈને અમારૂં વિજ કનેકશન રદ કરવાની દરખાસ્ત ઉપરની કચેરી ને મોકલાવેલ છે. વિજ કનેકશન નહી મળવાથી અમોને અન્યાય થયેલ છે.

૧.૮ વાદી જણાવે છે કે, તેઓ ગરીબ અને નાના ખેડૂત છીએ અને કુટુંબ ની મુખ્ય આવકનું સાધન ખેતીકામ છે. જેથી, મંજૂર થયેલ ખેતીવાડી વિજ કનેકશન વહેલી તકે આપવામાં આવે તેવી રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી મૂળી નો રહેવાસી છે, તેઓ દ્વારા ખેતીવાડી વિજ કનેકશન માટે તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને વિજ કચેરી દ્વારા તા.૦૩/૦૫/૨૦૧૯ ના રોજ રૂા.૭૪૩૫/– ભરવા માટે નો અંદાજપત્ર મોકલવામાં આવેલ હતું. જે અંદાજપત્ર ના નાણાં તા.૧૩/૦૫/૨૦૧૯ સુધીમાં ભરવાના હતા.

૨.૨ વાદીએ અંદાજપત્ર મુજબ ની રકમ રૂા.૭૪૩૫/– તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ વિજ કચેરી ખાતે ભરપાઈ કરેલ હતી.

૨.૩ વાદી દ્વારા વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરવામાં આવતા, વિજ કચેરી ના અધિકારી દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ સ્થળ ની મુલાકાત લીધેલ હતી. જે સ્થળ પર પાક ઉભો હતો અને વાડીમાં

...ance Red... P.G.V.C.L. Bhavnagar. Forum

૧.૩ વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર મુજબ ની કુલ રકમ રૂા.૭૪૩૫/– તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ હતી.

૧.૪ વાદી દ્વારા વિજ કનેકશન ના નાણાં નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરવા છતાં, કોઈ વિજ કનેકશન આપવામાં આવેલ નથી કે વિજ કનેકશન આપવા માટે નું કોઈ લાઈન કામ કે, ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવેલ નથી. તેમ તેઓ જણાવે છે. વાદીએ વિજ કચેરી માં વિજ મીટર લગાવવા માટે પણ કહેવામાં આવેલ છતાં, મીટર લગાવવામાં આવેલ નથી.

૧.૫ સદર બાબતે વિજ કચેરીમાં નાયબ ઈજનેર બહેન ને રજૂઆત કરેલ ત્યારે તેઓ દ્વારા કહેવામાં આવેલ કે, અત્યારે તમારો ક્રમ નથી, પણ અમોએ ઓફીસમાં તપાસ કરતા જાણેલ કે, અમારો ક્રમ છે. પરંતુ, બહેનને રજૂઆત કરવામાં આવેલ હોવા છતાં, વિજ કનેકશન આપવા માટેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અમોએ કયારેય પણ વિજ લાઈન નાંખવા માટેની ના પાડેલ નથી. તેમ છતાં, અમારી જાણ બહાર ખોટા રોજકામ કરીને '' વિજ લાઈન લેવાની ના પાડે છે.'' તેમ પૂછતાં બહેન ઉશ્કેરાઈ ને ઉધ્ધતાઈ ભર્યા જવાબ આપવામાં આવેલ અને કહેવામાં આવેલ કે, સદર વિજ કનેકશન તમોને આપવાનું નથી અને વિજ કનેકશન રદ કરવાનું છે.

૧.૬ વાદી જણાવે છે કે, અમોએ કોઈ વિજ કનેકશન લેવાની ના પાડેલ નથી, કે વિજ કનેકશન નહી લેવાની સંમતિ આપેલ નથી. તો પછી શા માટે વિજ કનેકશન રદ કરો છો, તેમ પૂછતાં જણાવેલ કે, ઉપરની ઓફીસમાં જાવ અને અમે કનેકશન આપવાના નથી તેમ જણાવે છે.

૧.૭ વાદીને તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ એકતરફી નાણાં પરત કરવા માટેનો દરખાસ્ત કચેરી ના પત્ર નં– ડીઈએમએસડી /આરઈ/૩૯૨૩ થી જણાવેલ કે, રસીદ ખોવાઈ ગયેલ હોવાથી રૂા.૩૦૦/– ના બોન્ડ પર લખાણ કરી આપવામાં આવે તો, ભરેલ નાણાં પરત કરવામાં આવશે. પણ ખરેખર અમારે સદર વિજ કનેકશન લેવાનું હોવાથી, કોઈ રકમ પરત લેવાની થતી નથી. અમારી જાણ બહાર એકતરફી રીતે નિર્ણય લઈને અમારૂં વિજ કનેકશન રદ કરવાની દરખાસ્ત ઉપરની કચેરી ને મોકલાવેલ છે. વિજ કનેકશન નહી મળવાથી અમોને અન્યાય થયેલ છે.

૧.૮ વાદી જણાવે છે કે, તેઓ ગરીબ અને નાના ખેડૂત છીએ અને કુટુંબ ની મુખ્ય આવકનું સાધન ખેતીકામ છે. જેથી, મંજૂર થયેલ ખેતીવાડી વિજ કનેકશન વહેલી તકે આપવામાં આવે તેવી રજૂઆત કરેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદી મૂળી નો રહેવાસી છે, તેઓ દ્વારા ખેતીવાડી વિજ કનેકશન માટે તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને વિજ કચેરી દ્વારા તા.૦૩/૦૫/૨૦૧૯ ના રોજ રૂા.૭૪૩૫/– ભરવા માટે નો અંદાજપત્ર મોકલવામાં આવેલ હતું. જે અંદાજપત્ર ના નાણાં તા.૧૩/૦૫/૨૦૧૯ સુધીમાં ભરવાના હતા.

૨.૨ વાદીએ અંદાજપત્ર મુજબ ની રકમ રૂા.૭૪૩૫/– તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ વિજ કચેરી ખાતે ભરપાઈ કરેલ હતી.

૨.૩ વાદી દ્વારા વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરવામાં આવતા, વિજ કચેરી ના અધિકારી દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૦ ના રોજ સ્થળ ની મુલાકાત લીધેલ હતી. જે સ્થળ પર પાક ઉભો હતો અને વાડીમાં

P.G.V.C.L. Bhavnagar.

પાણી ભરાઈ જવાને લીધે પોલ ઉભા કરવાની કામગીરી કરવામાં આવે તો, ગ્રાહક ને નુકશાન થવા પામે તેમ હતું. જેના લીધે વિજ કનેકશન ની કામગીરી થઈ શકેલ નહી અને સ્થળ પર તે બાબતનું રોજકામ સ્થળ પર હાજર રઘુવીરસિંહ પ્રતાપસિંહ ની રૂબરૂ માં કરેલ હતું જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૪ વાદી દ્વારા આપવામાં આવેલ જરૂરી અંદાજપત્ર ભરપાઈ કરતા, વિજ કચેરી ના અધિકારી દ્વારા ટેલીફોન પર વાદીને વિજ પોલ મોકલી, વિજ કનેકશન ની કામગીરી કરવા માટે વાત કરેલ હતી. જેમાં, વાદી દ્વારા અત્યારે અમારા ખેતરમાં વાવેતર હોવાથી, નુકશાન થાય તેમ હોય, વિજ પોલ નહી મોકલવા માટે કહેવામાં આવેલ હતું. ત્યારબાદ, તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ પત્ર નં–૭૪૯૮ થી પણ જાણ કરવામાં આવેલ હતી. જેમાં જણાવેલ કે, જો વિજ કનેકશન ની જરૂરીયાત હોય તો, લાઈનકામ કરવા માટે મજૂર ને મંજૂરી આપવી અને જો જરૂરીયાત ના હોય તો, ભરેલ નાણાં ની રીફંડ માટેની અરજી વિજ કચેરી એ દિવસ–૭ માં આપવી. આમ છતાં, વાદી દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ ન હતો.

૨.૫ આમ, વિજ કનેકશન ના ક્રમ મુજબ વિજ કનેકશન આપવા માટે ની સમય મર્યાદા પૂરી થવાની હોવાથી, નાયબ ઈજનેર દ્વારા સદર સ્થળ પર વિજ કનેકશન આપવા માટે કામગીરી સબબ વિજ પોલ મોકલી આપેલ હતા.પણ ખેતરમાં વાવેતર હોય, પોલ ઉભા કરવાની ના પાડેલ હોવાથી, વિજ કનેકશન માટેની કામગીરી થઈ શકેલ ન હતી. નિયમ મુજબ ખેતીવાડી વિજ કનેકશન ૧૨૦ દિવસ માં આપવાનું હોવાની સમય મર્યાદા પૂર્ણ થતાં, વાદીને ભરેલ રકમ પરત કરવા માટેની એકતરફી દરખાસ્ત વિભાગીય કચેરી ને મોકલાવેલ હતી. પણ અંદાજપત્રક ની ભરેલ રકમ ની ઓરીજનલ રસીદ નહીં હોવાથી, પેટા વિભાગીય કચેરીને રસીદ મોકલવા માટે મૌખિક જાણ કરેલ હતી. સમય જતાં ઓરીજનલ રસીદ વાદી દ્વારા જમા નહી કરવામાં આવતા, અત્રેની કચેરી દ્વારા સદર દરખાસ્ત પેટા વિભાગીય કચેરી, મૂળી ને પરત મોકલેલ હતી. જેના અનુસંધાને મૂળી પેટા વિભાગીય કચેરી દ્વારા જાવક નં–૩૯૨૩ થી તા.૧૧/૦૫/૨૦૨૧ ના રોજ પત્ર લખી, ઓરીજનલ રસીદ આપવા અથવા રસીદ ખોવાઈ ગયેલ હોય તો, સોગંદનામું આપવા જણાવેલ હતું. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી પ્રતાપભાઈ મેરૂભાઈ કાઠીયા એ ગામ–મૂળી માં ૫ હો.પા.નું ખેતીવાડી વિજ જોડાણ માટે તા.૨૪/૦૫/૨૦૧૮ ના રોજ અરજી નોંધણી કરાવેલ. જેના માટે પ્રતિવાદી ની મૂળી પેટા વિભાગીય કચેરી એ તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ અંદાજપત્ર આપેલ. જે વાદીએ તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૨ પ્રતિવાદીની રજૂઆત મુજબ, વાદીના વિજ જોડાણ માટે માણસોને કામ માટે મોકલેલ. પરંતુ, વાદીની જમીન ઉપર પાક ઉભો હોય, વાદીએ કામ કરવા દીધેલ નહી. ત્યારબાદ, પ્રતિવાદીએ તા.૦૪/૦૭/૨૦૨૦ ના રોજ વાદીને પત્ર દ્વારા જણાવેલ કે, તેઓને વિજ કનેકશન ની જરૂરીયાત હોઈ તો, કામ કરવાની મંજૂરી આપવી. પરંતુ, વાદી તરફથી કોઈ જવાબ આવેલ નહી. આથી, પ્રતિવાદીએ તા.૧૧/૦૫/૨૦૨૧ ના રોજ વાદી ને પત્ર લખી અને તેઓએ ભરેલ નાણાં રીફંડ માંગવા કાર્યવાહી કરવાનું જણાવેલ.

૩.૩ આજરોજ સુનાવણી દરમ્યાન વાદીને પૂછતાં, તેઓ જણાવે છે કે, તેઓને વિજ જોડાણની જરૂર છે. તેમજ પ્રતિવાદીએ જણાવ્યા મુજબ નો તા.૦૪/૦૭/૨૦૨૦ નો કોઈ પત્ર તેઓને મળેલ નથી.

૩.૪ પ્રતિવાદીએ વાદીને તા.૦૪/૦૭/૨૦૨૦ રજી.પોસ્ટ થી નથી મોકલેલ તેમજ તેને મળ્યા અંગેની કોઈ પહોંચ રજૂ કરેલ નથી. અને ત્યારબાદ, તા.૧૧/૦૫/૨૦૨૧ ના રોજ વાદીને પત્ર દ્વારા રીફંડ માંગવાની કાર્યવાહી કરવા જણાવેલ છે.

૩.૫ ઉપર મુજબ ના અવલોકન પરથી તારણ કરવામાં આવે છે કે, વાદીની અરજી રદ કરતા પહેલા પ્રતિવાદીએ તેમને પૂરતો સમય આપી રજી.પોસ્ટ દ્વારા પત્ર થી જાણ કરવી જોઈતી હતી. અને ફકત એક પત્ર દ્વારા વાદીની અરજી રદ કરવી જોઈએ નહી.

૩.૬ આજરોજ સુનાવણી દરમ્યાન જણાવેલ છે કે, તેઓ વિજ કનેકશન આપી શકે તેમ છે. પરંતુ, હાલ '' તાઉતે '' વાવાઝોડા થી પીજીવીસીએલ ની લાઈન પર ગંભીર અસર અને નુકશાન થયેલ હોવાથી, મેન પાવર અને મટીરીયલ ની ગંભીર અછત છે. આથી, પરિસ્થિતિ નોર્મલ થયા બાદ, માલ સામાન તેમજ મેન પાવરની ઉપલબ્ધતા મુજબ વિજ જોડાણ આપી શકાશે.

૩.૭ તારણ નં–૩.૫ અને ૩.૬ પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદી ને તેઓએ માંગેલ વિજ જોડાણ યોગ્ય સમયમાં મળે તેવી કાર્યવાહી કરવી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar. Consumer

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૫/૦૬/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.